# સ્વચ્છતા પખવાડાની ઉજવણી

## ફાઇલ

## તા. ૧ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૩




**શાળાનું નામ-**

તાલુકો-

જીલ્લો-

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન

સૌ ભણે, સૌ આગળ વધે





shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education

શિક્ષણ સાગર

# સ્વચ્છતાનો ખ્યાલ

સ્વચ્છતાનો ખ્યાલ એ જૂના તબીબી ખ્યાલ સાથે સંકળાયેલો છે, તેવી જ રીતે વ્યક્તિગત અને વ્યવસાયિક દેખરેખની આદતો પણ મોટા ભાગે જીવનપ્રણાલી સાથે જોડાયેલી છે. સ્વચ્છતાની આદતો એ તબીબી વિજ્ઞાનમાં તેમજ ઘર (પ્રાદેશિક) અને જીવનની રોજિંદી પ્રક્રિયાઓમાં રોગોનો ફેલાવો અને તેની અસર ઘટાડવાના પ્રતિબંધક




માપદંડો તરીકે છે.ખાદ્યાન્ન, દવાઓ, સૌંદર્યપ્રસાધનો અને અન્ય વસ્તુઓની ઉત્પાદન પ્રક્રિયામાં સ્વચ્છતા એ ગુણવત્તા ખાતરી માટેનો મહત્વનો ભાગ છે. ઉદાહરણ તરીકે ઉત્પાદન પર આપવામાં આવેલી માઈક્રોબિયલનું વિગતવાર વર્ણન એ તેના ઉપયોગ માટે યોગ્ય હોવાની ખાતરી આપે છે. સુઘટતા (અથવા સફાઈ) અને સ્વચ્છતા શબ્દો ક્યારેક પરસ્પર એકબીજા માટે પણ વપરાય છે, જે મૂંઝવણ ઊભી કરી શકે છે.

સામાન્ય રીતે મોટેભાગે સ્વચ્છતાનો અર્થ જીવાતોને કારણે રોગોનો ફેલાવો અટકાવવા માટેની પદ્ધતિ એવો થાય છે. છતાં સફાઈ પ્રક્રિયામાં (ઉદા. હાથ ધોવા) સંક્રમક ગંદકી અને માટી સ્વરૂપે રહેલા જીવાણુઓને સારી રીતે દૂર કરવામાં આવે છે, મોટા ભાગે તેને જ સ્વચ્છતા પ્રાપ્ત કરી કહેવાય છે. આ શબ્દનો ઉપયોગ વિવિધ શબ્દસમૂહો તરીકે થાય છે જેમાં સમાવિષ્ટ છે: શરીર સ્વચ્છતા, વ્યક્તિગત સ્વચ્છતા, ઉંઘ સ્વચ્છતા, માનસિક સ્વચ્છતા, દંત સ્વચ્છતા અને વ્યવસાયિક સ્વચ્છતા એ જાહેર આરોગ્ય સંદર્ભે વપરાય છે. સ્વચ્છતા એ વિજ્ઞાનની એક શાખા પણ છે, જે આરોગ્યની જાળવણી અને પ્રોત્સાહન સાથેનો વ્યવહાર દર્શાવે છે, તેને આરોગ્યશાસ્ત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. સ્વચ્છતા પ્રક્રિયા વ્યાપક રીતે ભિન્ન છે, અને તે કોઈ એક સંસ્કૃતિમાં સ્વીકાર્ય છે, જે અન્ય સંસ્કૃતિમાં સ્વીકાર્ય ન પણ હોય.

## કોવિડ– ૧૯ ની ગાઇડલાઇનને ધ્યાને લઇ નીચેની કામગીરી કરવી

1. પખવાડાના પ્રથમ દિવસે અમારી પ્રાથમિક શાળાઓમાં સ્વચ્છતા અંગે શપથ લીધી. જેમાં શાળાના તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સામાજિક અંતર જાળવીને ભાગ લીધો.

2. પ્રથમ સપ્તાહમાં SMCs / PTAs દ્વારા શિક્ષકો અને વાલીઓ વચ્ચે સામાજિક અંતર જાળવીને બેઠકનું આયોજન કર્યું. જેમાં સ્વચ્છતાના મહત્વ અને હાથ ધોવા, માસ્કનો ઉપયોગ, સામાજિક અંતર અંગે પ્રોત્સાહિત કર્યા.

3. અમારી શાળામાં પાણી અને સ્વચ્છતા સવલતોનું નિરીક્ષણ કરવા અને જો જરૂરી હોય તો સુવિધાઓની મરામત અને નિભાવ માટે પ્રસ્તાવ/યોજના બનાવી.

4. શાળામાં સ્વચ્છતા અને સ્વચ્છતા પર વિદ્યાર્થીઓ માટે ચિત્ર/નિબંધ/સૂત્ર લેખન/ક્વિઝ સ્પર્ધા/મેકિંગ સ્પર્ધા કરી.

5. શાળાના તમામ શિક્ષકો અને શાળાના વડાએ WASH અંગેની DIKSHA પોર્ટલ પર મુકેલ ઓનલાઈન ટ્રેનીંગ લીધી છે.



# સ્વચ્છતા શપથ

🌳હું શપથ લઉ છું કે,

🌳પોતે સ્વચ્છતા માટે દર વર્ષે ૧૦૦ કલાક એટલે કે, દર અઠવાડિયે ૨ કલાક કામ દાન કરીને સ્વચ્છતાનો સંકલ્પ ચરિતાર્થ કરીશ.

🌳ન ગંદકી કરીશ, ન કરવા દઈશ

🌳હું સૌથી પહેલા પોતાનાથી, મારા પરિવારથી મારા મહોલ્લાથી,મારાં કાર્યસ્થળથી સ્વચ્છતાની શરૂઆત કરીશ.

🌳આપણે જાણીએ છીએ કે દુનિયાના એજ દેશો સ્વચ્છ છે જેના નાગરીકો ગંદકી કરતા નથી.

🌳અમે ગામે–ગામે અને શેરીએ–શેરીએ સ્વચ્છતા અભિયાનનો પ્રચાર કરતા રહીશું.

🌳હું આજે જે શપથ લઈ રહ્યો રહી છું એ શપથ અન્ય ૧૦૦ વ્યક્તિઓને પણ લેવડાવીશ જે દર વર્ષે ૧૦૦ કલાક સ્વચ્છતાના કામ માટે આપશે.

🌳ગાંધીજીનાં સ્વપ્નોનું ભારત માત્ર આઝાદ ભારત નહિ સ્વચ્છ ભારત છે જે માટે હું પ્રતિબદ્ધ રહીશ.

શિક્ષણ સાગર

# તા. ૦૧ થી ૧૫ સપ્ટેમ્બર –૨૦૨૩ દરમ્યાન
# સ્વચ્છતા પખવાડા માટે સૂચવેલ એક્શન પ્લાન

## તા. ૦૧/૦૯/૨૦૨૩ (શુક્રવાર) "સ્વચ્છતા શપથ દિવસ"

- શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓના તમામ શિક્ષકો, કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓએ પ્રથમ દિવસે બાળકોને સ્વચ્છતા વિશે વાત કરી અને સંકલ્પ લેવડાવ્યો.
- સ્વચ્છતા જાગૃતિ સંદેશ વિભાગ / સંસ્થા / શાળાઓની ફેસબુક, વોટ્સઅપ, સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરવામાં આવ્યો.
- સ્વચ્છતા/કોવિડ જાગૃતિ સંદેશ સી.આર.સી. ને મોકલ્યા.
- સ્વચ્છતા શપથ લીધેલ વિદ્યાર્થીઓની સંખ્યા તથા ભાગ લીધેલ શાળાઓની સંખ્યા તેમજ શપથ લીધેલ ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવ પર અપલોડ કર્યા.

## તા. ૦૨/૦૯/૨૦૨૩ અને 03/૦૯/૨૦૨૩ (શનિવાર અને રવિવાર) "સ્વચ્છતા જાગૃતિ દિવસ"

- સ્વચ્છતા અને સ્વચ્છતાના મહત્વ અને હાથ ધોવાના મહત્વ, માસ્ક અને સામાજિક અંતરનું મહત્વ જણાવવા માટે SMCs / SMDCs / PTAs ની બાળકો, માતાપિતા અને શિક્ષકો વચ્ચે વર્ચ્યુઅલ મીટિંગ યોજી. તેમજ શાળા તેમજ ઘરમાં સ્વચ્છતા અને સ્વચ્છતા માટે તેમને પ્રોત્સાહિત અને પ્રેરિત કર્યા.
- શિક્ષકોએ શાળા સંસ્થાના દરેક ખૂણામાં સ્વચ્છતા સુવિધાઓનું નિરીક્ષણ કર્યું અને મૂલ્યાંકન કર્યું અને સુવિધાઓની જાળવણી માટે જરૂરી આયોજન કર્યું.
- મધ્યાહન ભોજન અંતર્ગત બાળકો જમતી વખતે હાથ ધોવા.

- ઘરે પણ જમતી વખતે પહેલા હાથ ધોવા.
- બાળકો શાળામાં, વર્ગમાં જેમ સફાઈ રાખે એમ ઘરે પણ સફાઈ રાખે.
- બાળકો પોતાના ઘરની આસપાસ ખાડા ખાબોચિયા ન થવા દેવા.
- બાળકો પોતાના કપડાં, વાળ અને મોઢું પણ ચોખું રાખે.
- જે બાળક સરસ તૈયાર થઈને આવે તેને 'આજનું ગુલાબ' બનાવીશું.
- આવી સ્વચ્છતા અંગે ચર્ચા કરવામાં આવી....

- કોવિડ- 19 દરમિયાન (હાથ ધોવાની સુવિધા, દૈનિક સફાઈ અને જીવાણુ નાશકક્રિયા, શૌચાલયનો ઉપયોગ, પાણીની સુવિધાનો ઉપયોગ, વેન્ટિલેશન, કચરો વ્યવસ્થાપન વગેરે બાબતે જાગૃતિ લાવી.
- જલ-જીવન મિશન અંતર્ગત પાણીની સુવિધાની ચકાસણી કરી.
- જલ શક્તિ અભિયાન – કેચ ધ રેઇન ૨૦૨૩ અંતર્ગત શાળાઓમાં વરસાદી પાણીના સંચયની વ્યવસ્થા હાલની સ્થિતિ તપાસ અને વૃદ્ધિ માટે યોજના હાથ ધરવામાં આવી.
- શૌચાલય, રસોડું, વર્ગખંડો, પંખા, દરવાજા, બારીઓની વ્યાપક સફાઈ / જીવાણુ નાશકક્રિયા કેમ્પસમાં હાથ ધરી. સ્થાનિક સમુદાય SMCS અને સ્થાનિક પ્રતિનિધિઓની ભાગીદારી સાથે આ પ્રવૃત્તિઓમાં સામેલ કર્યા.
- ત્યારબાદ યોગ્ય પ્રક્રિયા અનુસરીને જૂની ફાઈલોના રેકોર્ડનો નિકાલ કે જાળવણી કરવામાં આવી.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવ પર અપલોડ કર્યા.





## તા. ૦૪/૦૯/૨૦૨૩ થી ૦૫/૦૯/૨૦૨૩ (સોમવાર અને મંગળવાર)
## "સમુદાય જાગૃતિ દિવસ"

- શૌચાલય ઉપયોગને ટકાવી રાખવા અને તેમના વિસ્તારોમાં કચરા વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને સ્વચ્છતા પર સ્થાનિક સમુદાયોને સંબોધવા માટે તમામ શિક્ષકો નજીકના ગામોની મુલાકાત લીધી. તેઓ સ્થાનિક સમુદાયને જળ સંસાધનોનો બગાડ અટકાવવા અને તેમને જળ સંરક્ષણ અને ચાલી રહેલા જલ શક્તિ અભિયાન વિશે જાગૃત કરવા માટે સંવેદનશીલ બનાવવામાં આવ્યા.



- શાળામાં શિક્ષક દિવસે પણ બાળકોને સ્વચ્છતા વિશે જાગૃત કરવામાં આવ્યા.
- સ્થાનિક પ્રતિનિધિઓ સાથે મળીને શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સ્વચ્છતા પખવાડા અન્વયે સ્થાનિક વિસ્તારોમાં થીમનો પ્રચાર પ્રસાર કર્યો.
- સમુદાય જાગૃતિ દિવસમાં ભાગ લીધેલ શિક્ષકો, વિદ્યાર્થીઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવ પર અપલોડ કર્યા.

## તા. ૦૬/૦૯/૨૦૨૩ (બુધવાર) "ગ્રીન સ્કુલ ડ્રાઇવ દિવસ"

- વિદ્યાર્થીઓને વિવિધ થીમ જેમ કે જળ સંરક્ષણ, સિંગલ યુઝ પ્લાસ્ટિક વગેરે જેવા વિષયો પર કલ્પનાત્મક સૂત્રો, પોસ્ટરો અને પેમ્ફલેટ વિકસિત કરાવી તથા તેને શાળામાં એક્ઝીબીશન, ગામ, શહેર, તથા શાળા પરિસરમાં લગાવ્યા.
- આરોગ્યની સૌથી મહત્વની કામગીરી સ્વચ્છતાની છે. અવાર નવાર સ્વચ્છતા શિબીરો યોજી શાળાઓના બાળકોને અને ગામડાઓમાં સ્વચ્છતા પ્રત્યે લોક જાગૃતિ ઉભી કરવી. જયાં સ્વચ્છતા છે ત્યાં જ સ્વાસ્થ્ય છે. જે બાબત લોક માનસમાં ઉભી કરવી.

શિક્ષણ સાગર

- તમામ શિક્ષકો શાળાઓમાં ટોઇલેટ, સ્વચ્છ પીવાના પાણીની સુવિધા જોવી તેની જાળવણી કરાવી.
- આ દિવસે શાળામાં સફાઈ માટે ઝુંબેશ કરી. શાળામાં, વર્ગમાં તથા મેદાનમાં સફાઈ કરી.
- આ દિવસે શૌચાલય, એમ ડી એમ કિચન, ક્લાસરૂમ, પંખા, બારીઓ, બારણાં અને કેમ્પસ ની અને તેની આજુબાજુની સફાઈ કરવામાં આવી.



- આવી દરરોજ સ્વચ્છતા થાય અને તેની જાળવણી થાય તેનું આયોજન કરવામાં આવ્યું.
- શાળામાં અને ઘરમાં જળ સંરક્ષણ વિશે વિદ્યાર્થીઓને સમજણ આપવી.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને સી.આર.સી. કક્ષાએ મોકલ્યા.

## તા. ૦૭/૦૯/૨૦૨૩ થી તા. ૦૮/૦૯/૨૦૨૩ (ગુરુવાર અને શુક્રવાર) "સ્વચ્છતા સહભાગીતા દિવસ"

- શાળામાં સ્વચ્છ શૌચાલય અને સ્વચ્છ શાળામાટે કેમ્પસમાં સ્પર્ધા યોજી.
- સ્વચ્છતા પર ચિત્રકામ, અભિનય, કવિતા નિર્માણ, સ્લોગન લેખન સ્પર્ધાઓ યોજી.
- સફાઈ એ માત્ર આપણા આરોગ્ય માટે જ જરૂરી નથી કે માત્ર આસપાસના વાતાવરણને સુંદર અને શૌભામય બનાવવા માટે અનિવાર્ય નથી પરંતુ દરેક સર્જન અને ઉન્નતિ માટે અગત્યનું છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ માટે ફરજીયાત છે.



- સ્વચ્છ રહેવું એ માનવીય પ્રકૃતિનું ભાગ છે. સફાઈ તેને ગમે છે અને સ્વચ્છતા પ્રગતિ માટે પણ જરૂરી છે.
- આપણી કુટેવથી પર્વતો પણ બાકાત નથી. મોટાભાગના પર્યટન સ્થળોએ પણ ગંદકીની સમસ્યા ઉભી થઈ રહી છે. રણમાં જ નહીં એવરેસ્ટ પર પણ આપણા 'પ્રકૃતિ પ્રેમ'ના દાખલા મળી જશે. આ

પડકારને આપણે જ પડકારવી છે. જનતાનો સહકાર અને ભાગીદારી વગર કોઈ અભિયાન સફળ થઈ શકે છે.

- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા અને ફોટોગ્રાફ્સ અને વિડીયો ગુગલ ડ્રાઈવમાં અપલોડ કર્યા.

## તા. ૦૯/૦૯/૨૦૨૩ થી ૧૦/૦૯/૨૦૨૩ (શનિવાર અને રવિવાર) "હેન્ડ વોશ દિવસ"

- રોજિંદા જીવનમાં યોગ્ય હાથ ધોવાની જરૂરિયાત અંગે જાગૃતિ લાવી.
- બાળકોને જમ્યા પહેલા અને પછી સાબુથી હાથ ધોવાની યોગ્ય પદ્ધતિ/પગલા/સમય શીખવ્યુ.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પીવાના પાણી અને શૌચાલયની સુવિધાઓમાં અવરોધ મુક્ત પ્રવેશની સમીક્ષા અને ખાતરી કરાવી.
- વિદ્યાર્થીઓને પાણીનો બગાડ ચકાસવા વિશે શીખવ્યું.
- હેન્ડ વોશિંગ યુનિટમાંથી પાણી શાળાના બગીચાઓને સ્વચ્છ રાખ્યા.
- બાળકોને પાણીથી થતા રોગો રોગો, પીવાના પાણીની સલામત સંભાળ વિશે શીખવવામાં આવી જેથી તેઓ યોગ્ય હાથની સ્વચ્છતા કરે. ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવમાં અપલોડ કર્યા.



## તા. ૧૧/૦૯/૨૦૨૩ (સોમવાર) "વ્યક્તિગત સ્વચ્છતા દિવસ"

- ઓડિયો વિઝયુઅલ પ્રોગ્રામ દ્વારા વ્યક્તિગત સફાઈની મહત્તા વિશે વિદ્યાર્થીઓને, કર્મચારીઓ અને અન્ય લોકોને અવગત કર્યા.
- વિદ્યાર્થીઓને નખ કાપવા અને સાફ રાખવાની યોગ્ય રીત, સ્વચ્છ પાણીથી દરરોજ સ્નાન, સ્વચ્છ કપડા પહેરવા, ખુલ્લામાં ન થુંકવા, જૂતા/ચંપલ પહેરવા વગેરે વિશે શીખવ્યુ. (યોગ્ય માસ્ક પહેરવું, હાથ મેળાપ ન કરવો, એક બીજા

સાથે જમવાનું અને અન્ય વસ્તુની વહેચણી કરવી નહીં, કોવિડ 19 દરમિયાન ભીડ વાળી જગ્યાએ જવાનું ટાળવું.)



- વિદ્યાર્થીઓને શૌચાલય અને પીવાના પાણીની સુવિધાઓનો ઉપયોગ કરવાની આરોગ્યપ્રદ રીત શીખવી.
- વ્યાજબી દૈનિક શાસન સજીવની પ્રવૃત્તિ અને પુનઃપ્રાપ્તિ માટે શ્રેષ્ઠ શરતો બનાવે છે અને એથ્લેટિક પ્રભાવમાં વધારો કરવા માટે ફાળો આપે છે. આ હકીકત એ છે કે દિવસની સાચી અને સખત નિરીક્ષણ દૈનિક શાસન સાથે, સજીવના કાર્યની ચોક્કસ લય વિકસાવવામાં આવી છે, પરિણામે એથ્લીટ અને રમતવીર સૌથી વધુ અસરકારક વિવિધ પ્રકારની કામગીરી કરી શકે છે.
- એક તર્કસંગત દૈનિક શાસન પણ વધુ સારી યોજના સમય માટે મદદ કરે છે અને વધુ સફળતાપૂર્વક કામ કરે છે. દિવસના શાસનની સ્થિરતાને ધ્યાનમાં રાખીને સંસ્થાને ઉભી કરવામાં મદદ મળે છે, સભાન શિસ્તમાં સશક્ત અને સશક્ત થશે.
- વિદ્યાર્થીઓને દિવસમાં બે વખત દાંત સાફ કરવાનું મહત્વ સમજાવ્યુ. અને તેને નિયમિત ટેવ પાડવા સમજાવ્યુ.
- ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને સી.આર.સી. કક્ષાએ મોકલ્યા.

## તા. ૧૨/૦૯/૨૦૨૩ (મંગળવાર) "સ્વચ્છતા પ્રદર્શન દિવસ"

- સ્વચ્છતા પ્રવૃત્તિઓ/કોવિડ પ્રતિભાવ વર્તણૂકો પર વિદ્યાર્થીઓ દ્વારા બનાવેલા ફોટોગ્રાફ્સ, પેઈન્ટીંગ્સ, વકૃત્વ ક્વિઝ, વિવિધ મોડલ બનાવવા, કાર્ટૂન, સૂત્રો વગેરે શાળા/શિક્ષણ વિભાગની વેબસાઇટ / સોશિયલ સાઈટ પર પ્રદર્શિત કર્યા.
- સ્થાનિક કચરાના સંગ્રહનો પુનઃ ઉપયોગ કરીને ઘરે કલાત્મક વસ્તુઓ બનાવવી, એટલે કે, તેમની સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી સ્થાનિક કુશળતાનો ઉપયોગ કરવાની સમજ આપી.

* કરેલી પ્રવુત્તિનો ફાઈલમાં સંગ્રહ કરવામાં આવ્યો.
* અશુદ્ધ પાણીના કારણે બાળકોમાં જોવા મળતી બિમારીઓ જેવી કે તાવ ઝાડા, ઉલટી, કમળો, ટાઇફોઇડ જેવા રોગ હવે શુધ્ધ પાણીના વપરાશને કારણે બાળકોમાં આ રોગોનું પ્રમાણ જોવા મળતુ નથી. તેની વાલીઓને સમજ આપી.



* કચરાના સંગ્રહ માટે સ્થાનિક રિસાયકલ – કાચા માલનો ઉપયોગ કરીને ઘરે કલાત્મક વસ્તુઓ બનાવી તેમની સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી કુશળતાનો ઉપયોગ કરીને કલાત્મક કચરાપેટી બનાવી.
* બાળકો માટે અમે અમારી શાળામાં અમે શુધ્ધ પાણી મળે માટે દાતા દ્વારા RO પ્લાન નો ઉપયોગ કરીએ છીએ. જેથી બાળકોને શુધ્ધ પાણી મળી રહે.
* ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવમાં અપલોડ કર્યા.

## તા. ૧૩/૦૯/૨૦૨૩ થી તા. ૧૪/૦૯/૨૦૨૩ (બુધવાર અને ગુરુવાર)
## "સ્વચ્છતા એક્શન પ્લાન"

* SMC/SDMC દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને સ્થાનિક લોકોમાં સ્વચ્છતા એક્શન પ્લાન વિદ્યાર્થી, વાલીઓ અને સ્થાનિક લોકોમાં જાગૃતિ લાવી.
* શાળામાં સ્વચ્છતા પખવાડા પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરવા માટે બાલ સંસદ/શાળા કેબિનેટની બેઠકનું આયોજન કર્યું.
* ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવમાં અપલોડ કર્યા.
* આવનારા ૨૦ વર્ષોમાં ૪૦ થી વધુ દેશોમાં પાણીની ગંભીર સમસ્યા ઉભી થશે. આ દેશોમાં આપણો ભારત દેશ પણ સામેલ છે. જેથી આ સમયમાં વરસાદી પાણીનો સંગ્રહ નહીં કરવામાં આવે તો આવનારા સંકટમાંથી બહાર નીકળી

શકાશે નહી અને અનેકવિધ આપત્તિઓનું સર્જન થવા પામશે જેથી આજના સમય માટે વરસાદી પાણીનો સંગ્રહ એક તાતી જરૂરિયાત છે.

## તા. ૧૫/૦૯/૨૦૨૩ (શુક્રવાર) "ઈનામ વિતરણ દિવસ"

- શાળા કક્ષાએ યોજવામાં આવેલ ચિત્ર, નિબંધ, પેઈન્ટીગ્સ, ક્વીઝ, ચર્ચા, ક્રાફ્ટીગ, મોડલ મેકિંગ સૂત્ર લેખન માં ભાગ લીધેલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ સમારોહના રાખી અને ડીજીટલ પ્રમાણપત્રો આપવામાં આવ્યા.
- સ્વચ્છ પખવાડા દરમિયાન ભાગ લીધેલ શાળાઓની સંખ્યા, ફોટોગ્રાફ્સ અને વિડિયો અને પ્રચાર સામગ્રીને ગુગલ ડ્રાઈવમાં અપલોડ કર્યા.
- સમગ્ર પખવાડિયા ના ફોટોગ્રાફ્સ, વિડીયો, તેમાં કરેલા કાર્યક્રમો ના આધાર પુરાવા, નવા પ્રયોગો, 'સ્વચ્છતા પખવાડાની' ફાઈલ અને અહેવાલ ગુગલ ડ્રાઈવમાં અપલોડ કર્યા.



# ફોટોગ્રાફ્સ

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

# SHIKSHAN SAGAR
## ( શિક્ષણ સાગર )
## એપ્લીકેશન ની વિશેષતા

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે–સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

Download
શિક્ષણ સાગર
APPLICATION